# ભારતના પ્રથમ વાઈફાઈ સીટી મોડાસામાં વાઈફાઈનો ફીયાસ્કો

મોડાસા, તા.૬

અરવલ્લી જિલ્લાના નિર્માણ થયા પછી રવિ કૃષિ મહોત્સવમાં ગુજરાત રાજયના મુખ્યમંત્રી આનંદીબેન પટેલે મોડાસા શહેરને દેશનું સૌ પ્રથમ વાઈ-ફાઈ શહેર જાહેર કરતા મોડાસા શહેર દેશમાં વાઈ-ફાટી સીટી તરીકે છવાઈ ગયું હતું. પરંતુ વાઈ-ફાઈ શહેરની જાહેરાત ફકત સસ્તી પ્રસિધ્ધિ મેળવવા વહીવટી તંત્રએ જાણે ઉતાવળે લીધેલો નિર્ણય હોય તેમ વાઈ-ફાઈની માળખાગત સુવિધાના અભાવે અને કનેકટીવીટી ન મળતા વાઈ ફાઈની જાહેરાતનું બાળમરણ થયું છે. ૨૫ લાખ રૂપિયાના ધુમાડા છતાં કનેકટીવીટી અને સ્પીડના અભાવે એક પણ ગ્રાહક વાઈ-ફાઈ સાથે ન જોડાતા મોડાસા શહેરની દેશના પ્રથમ શહેર વાઈ-ફાઈ શહેરની હવા નિકળી ગઈ છે.



મોડાસા શહેરને વાઈ-ફાઈ સીટી બનાવવા માટે નગરપાલિકા તંત્રએ લાખ્ખો રૂપિયા ખર્ચી નાખી

## મુખ્યમંત્રી અને વહીવટીતંત્રની ઉતાવળે કરાયેલી જાહેરાતની હવા નીકળી ગઈ : ૨૫ લાખ રૂપિયાનો ધુમાડો

મોટા પાયે શહેરમાં જાહેરાત કરી વાઈ-ફાઈના ફોર્મ વિતરણ કરાતા ૪૫૦થી વધુ નગરજનોએ સસ્તી વાઈ-ફાઈ સુવિધાનો લાભ મેળવવા ફોર્મ ભરી કનેકશન મેળવી ઘેર બેઠા કે પછી ધંધા રોજગારના સ્થળે ઈન્ટરનેટની મજા માણવાના સપના અધુરા રહેતા વાઈ-ફાઈના સિગ્નલ કે કનેકટીવીટી મેળવવા ગ્રાહકોએ ટાવરની નજીક જવા મજબુર થવું પડતું હતું. મોડાસા શહેરમાં વાઈફાઈના ૨૨ ટાવર નાખી સમગ્ર શહેરને વાઈ-ફાઈથી સજજ કરાયું હોવાની નગરપાલિકાએ મોટા પાયે જાહેરાત કરી નગરજનોને છેતરવામાં આવ્યા હોવાનો અહેસાસ થયો હતો. વાઈ-ફાઈ ટાવરથી માત્ર ૧૦૦થી ૨૦૦ મીટર સુધી જ કનેકટીવીટી મળતા અને સ્પીડ પણ ઓછી હોવાના લીધે મોડાસા નગરપાલિકાએ લાખ્ખો રૂપિયાનું એંધાણ કરી ફકત વાઈ-ફાઈ સીટી માત્ર દેખાડો હોય તેમ પ્રથમ ગ્રાસે મક્ષીકા જેવો અહેસાસ નગરજનોને થયો હતો. વાઈ-ફાઈ સીટીની સ્પીડના અભાવે અગાઉના ગ્રાહકોએ કનેકશન બંધ કરાવી દીધા પછી અત્યાર સુધી વાઈ-ફાઈ કનેકશન મેળવવા એક પણ ગ્રાહક ન મળતા વાઈ ફાઈ સુવિધા બંધ થઈ ગઈ છે. નગરપાલિકા તંત્રએ વાઈ ફાઈ સુવિધા સજજ કરવા ૨૫ લાખ રૂપિયા જેવી માતબર રકમ ખર્ચી ઉભી કરેલી સીસ્ટમ નકામી બનતા શહેરીજનો લાખ્ખો રૂપિયા વેડફાઈ ગયાનો અહેસાસ અનુભવી રહ્યા છે.



સરકારી સુત્રોના જણાવ્યા મુજબ આગામી ૧૭ જુને રાજયના મુખ્યમંત્રી આનંદીબેન પટેલ મોડાસા શહેરની મુલાકાતે આવનાર છે ત્યારે વાઈ-ફાઈ સીટીની મુલાકાત લઈ વાઈફાઈ સીટીની હવા કેમ નીકળી ગઈ? વાઈ-ફાઈ સીટી બંધ કરવાના કારણો તેમજ જવાબદાર તંત્ર સામે પગલા ભરવામાં આવે તેવું પ્રજાજનો ઈચ્છી રહ્યા છે.

# પ્રાંતિજમાં ટ્રકચાલકે બાઈક સવારને કચડી નાખ્યો

પ્રાંતિજ, તા. ૬

પ્રાંતિજ ભાંખરીયા બસ સ્ટેશન પાસે રેતી ભરેલ ટર્બાએ બાઈક ઉપર જઈ રહેલા આધેડને પાછળથી આવીને ટક્કર મારી અડફેટમાં લેતા બાઈક સવારને શરીરે ગંભીર ઈજાઓ પહોંચી હતી અને તેને ૧૦૮માં સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો. જ્યારે બાઈક ઉપર ટ્રકના ટાયર ફરી વળતા બાઈકનો રોટલો થઈ ગયો હતો.

મળતી માહિતી મુજબ પ્રાંતિજના વતની સોની બકાભાઈ (નાગરિક બેંક પ્રાંતિજમાં) પહેલા તેવો કેશીયર તરીકે નોકરી કરતા હતા કે જેવો સાંજના સમયે પોાતની મોટર સાઈકલ ઉપર તેમના ઘરે પરત ફરતા હતા તે સમયે ભાખરીયા બસ સ્ટેશન પાસે અચાનક ટ્રક નં. જીજે૦૨.ઝેડ.૮૨૫૨ ચાલક પાછળથી આવીને ટક્કર મારી કંડકટર સાઈડનું આગળનું ટાયર તેમની અને બાઈક ઉપર ફળી વળતા તેમને શરીર તથા પગના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. જ્યારે બાઈકનો રોટલો થઈ ગયો હતો. જ્યારે હાલ એક બાજુ છેલ્લા દોડ મહિનાથી આર.એમ.બી. વિભાગ દ્વારા રોડનું કામને લઈને બન્ને બાજુએ ખાડા કરીને મુકી દેતા ટ્રાફિકમાં વધારો થયો છે. અને બીજી બાજુ રાત-દિવસ રેતી ભરીને જતા ટર્બા નોન સ્ટોપ અવરજવર કરે છે. ત્યારે પ્રાંતિજ ત્રણ રસ્તાથી રેલવે સુધી સ્કૂલ, કોલેજ તથા વિવિધ કચેરીઓ આવેલ છે અને અવારનવાર અકસ્માતો થયા છે અને અકસ્માતમાં શરીરે ઈજાઓ તથા જીવન ગુમાવવાનો વારો આવ્યો છે. છેલ્લા દોઢ વર્ષથી ભારે વાહનો ઉપર પ્રતિબંધ મુકવા માટે પ્રાંતિજ ઓફિસમાં શહેરીજનો જાયન્ટ ગૃપ દ્વારા આવેદનપત્ર આપવામાં આવ્યું છે. છતાં પણ આજ દિન સુધી કોઈ કાર્યવાહી કે ધ્યાને લેવામાં પણ આવ્યું નથી. ત્યારે તંત્ર દ્વારા કોઈ મોટી ઘટના બનવાની રાહ જોવાતી હોય તેવું હાલ તો જણાઈ આવે છે. ત્યારે આજે પૂર્વ શિક્ષણ મંત્રી જયસિંહ ચૌહાણ દ્વારા પણ તંત્રમાં મોટા વાહનો બંધ કરાવવા માટે પ્રાંત ઓફિસમાં રજુઆત કરવામાં આવી છે. ત્યારે હવે જોવાનું એ રહ્યું કે શું તંત્ર હવે કાર્યવાહી કરશે કે કેમ?

# મોડાસામાં શૈક્ષણિક સંકુલો ભુલકાઓના કલરવથી ગુંજ્યા

## સાબરકાંઠા-અરવલ્લી જિલ્લાની ૩૫૦૦ શાળામાં શાળાકીય શૈક્ષણિક સત્રનો પ્રારંભ

મોડાસા, તા. ૬

અરવલ્લી-સાબરકાંઠા



જિલ્લાના ૩૫૦૦થી વધુ શૈક્ષણિક સંકુલો સોમવારે બાળકોના કોલાહોલથી ગુંજી ઉઠ્યા હતા. ૩૫ દિવસના ઉનાળુ વેકેશન પુર્ણ થતા પ્રાથમિક શિક્ષકો અને ઉચ્ચત્તર માધ્યમીક શિક્ષકો ૬ જૂનથી શૈક્ષણિક કાર્યમાં ગુંથાઈ ગયા હતા. બન્ને જિલ્લામાં સત્રના પ્રારંભમાં જ પ્રવેશોત્સવ અને ગુણોત્સવની ઉજવણી કરવામાં આવનાર હોવાથી શિક્ષણગણમાં નિરાશા ફેલાઈ હતી.

અરવલ્લી-સાબરકાંઠા જિલ્લામાં મે માસની બીજી તારીખથી આરંભાયેલુ ઉનાળુ વેકેશન ૫ જુને પુર્ણ થતા તમામ પ્રાથમિક અને માધ્યમિક, ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ ૬ જુન સોમવારથી નવા શૈક્ષણિક સત્રનો પ્રારંભ થયો હતો. સરકારના શિક્ષણ વિભાગ દ્વારા આ વર્ષે સત્રના આરંભથી માંડી પ્રથમ અને દ્વિતીય સત્રમાં પરીક્ષા સહિત રજાઓનું વાર્ષિક શૈક્ષણિક કેલેન્ડર પણ જાહેર કરી દેવાયુ છે. સોમવારે બન્ને જિલ્લામાં નવા સત્રના પ્રારંભ સાથે સતત ૩૫ દિવસ સુધી સુમસામ બની ગયેલા ૩૫૦૦થી વધુ શૈક્ષણિક સંકુલો ધમધણી ઉઠ્યા હતા. શૈક્ષણિક સંકુલોના મેદાનો બાળકોના અવાજથી ગુંજી ઉઠ્યા હતા. શૈક્ષણિક સંકુલોનું વેકેશન સમાપ્ત થતા અનેક ધંધા-રોજગારને ફરીથી નવુ ઈંધણ મળ્યુ છે.

અરવલ્લી-સાબરકાંઠા જિલ્લામાં દર વર્ષની જેમ સત્રના આરંભે પ્રવેશોત્સવ તથા ગુણોત્સવની ઉજવણી કરવામાં આવનાર છે. જે માટે ૮ થી ૧૦ જૂન અંતર્ગત આ કાર્યક્રમો યોજાનાર હોવાનું જાણવા મળેલ છે. મોડાસા ખાતેના પ્રવેશોત્સવમાં ૧૭મી જુનના રોજ રાજ્યના મુખ્યમંત્રી આનંદીબેન પટેલ ઉપસ્થિત રહેનાર હોઈ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા કાર્યક્રમને આખરી



ઓપ આપવા આયોજન હાથ ધરવામાં આવ્યું છે. સુત્રોના જણાવ્યા મુજબ ૧૭મી જુનના રોજ સવારના સેશનમાં રાજ્યના મુખ્યમંત્રી નગરની કોઈપણ એક પ્રાથમિક કક્ષાની શાળામાં જ્યારે બપોરે માધ્યમિક શાળાની મુલાકાત લઈ વિદ્યાર્થીઓ, શિક્ષકો અને શિક્ષણનું મુલ્યાંકન કરશે. રાજયના મુખ્યમંત્રી આનંદીબહેન આવવાના હોવાથી શિક્ષણતંત્ર સજ્જ બની ગયું છે.

ઉનાળાની ગરમીથી બન્ને જિલ્લાના પ્રજાજનો તોબા પોકારી ઉઠ્યા છે. ત્યારે ૬ જુનથી શરૂ થતા શૈક્ષણિક સત્રનો પ્રારંભ થતા વિદ્યાર્થીઓ અને બાળકોની હાલત કફોડી બની રહેશે. ઉનાળુ વેકેશન લંબાવા થઈ રહેલી વાતો અને આશાઓ ઠગારી નિવડી હતી. નવા શૈક્ષણિક સત્રનો પ્રારંભ રાબેતા મુજબ ૬ જુન સોમવારથી શરૂ થઈ ગયો હતો. ગ્રામ્ય વિસ્તારમાં કેટલાક બાળકો બાળમસ્તીમાં ઢોલ સાથે શાળાએ આવતા બાળકો ઝુમી ઉઠ્યા હતા.

# અરવલ્લી જિલ્લામાં યોગ દિવસની ઉજવણી કરાશે

## ૨૧ જુને તમામ તાલુકા અને ગ્રામ્ય મથકે યોગ નિદર્શન કરાશે

મોડાસા, તા. ૬

સમગ્ર વિશ્વમાં ૨૧ જુનને યોગ દિન તરીકે માન્યતા આપવામાં આવી છે. ત્યારે સમગ્ર રાજ્યવ્યાપી યોજાનાર યોગ દિવસની ઉજવણી અરવલ્લી જિલ્લામાં પણ કરવામાં આવશે.

જે અંગેની યોજાયેલ બેઠકમાં વિગત આપતા જિલ્લા પ્રભારી સચિવશ્રી આર.એમ. જાદવ, અરવલ્લી જિલ્લામાંથી પણ લોકો મોટી સંખ્યામાં યોગમાં જોડાય તેવુ જિલ્લા વહિવટીતંત્ર દ્વારા આયોજન હાથ ધરવામાં આવ્યું છે. જેમાં આ દિને જિલ્લાના મુખ્ય તાલુકા મથક ખાતે તેમજ ગ્રામ્ય વિસ્તાર, જાહેર સ્થળો પર યોગ નિદર્શન કરવામાં આવશે.

જ્યારે જિલ્લાની પ્રા. શાળાઓ, ઔદ્યોગીક તાલીમ સંસ્થાઓ, કૌશલ્યવર્ધક કેન્દ્રો, ઔદ્યોગિક વસાહતો, કોલેજો તથા શહેરી વિસ્તારના બગીચા સહિતના જાહેર સ્થળો પર યોગ દિનની ઉજવણી કરવામાં આવશે. તા. ૧૪ જુનથી શરૂ થનાર યોગ તાલીમ શીબીરમાં જોડાવવા કલેકટરશ્રીએ દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.



આ બેઠકમાં પ્રભારી સચીવ આર.એમ. જાદવ, અધિક કલેક્ટર સી.એમ. ચાવડા, તેમજ જિલ્લા વિકાસ અધિકારી, કલેક્ટર શામળભાઈ પટેલ, પ્રાંત કલેક્ટર આચાર્ય અને અન્ય જિલ્લાના અમલીકરણ અધિકારીઓ આ બેઠકમાં હાજર રહ્યા હતા.

## વિજાપુરમાં બ્રાહ્મણ સમાજ સેવા મંડળની વાડીનો ઉદઘાટન સમારોહ યોજાશે

વિજાપુરના છોત્તેર ગોળગરો બ્રાહ્મણ સેવા મંડળ કુકરવાડા દ્વારા સમાજની વાડી મકાનનું નિર્માણ કરવામાં આવ્યું છે. સમાજના સામાજીક, આર્થિક, શૈક્ષણિક ઉત્કર્ષના ભાગ રૂપે તૈયાર કરવામાં આવેલા આ મકાનનો તા. ૧૨મી જૂન ૨૦૧૬ના રોજ રવિવારે ૯.૩૦ કલાકે આનંદપુરા ચોકડી વિજાપુર ખાતે ઉદઘાટન સમારોહ યોજાશે.

## ટ્રિનિટી સેકન્ડરી સ્કૂલના વિદ્યાર્થીઓ ધો-૧૦માં ઝળક્યા

તલોદ, તા.૬

માર્ચ ૨૦૧૬માં લેવાયેલ એસ.એસ.સી. પરીક્ષામાં તલોદ કેન્દ્ર અને શાળામાં પ્રથમ ક્રમે કૃપાલ એન. ચૌધરીએ ૯૨.૧૬ ટકા, દ્વિતિય ક્રમે હર્ષ આર. શાહ ૯૧ ટકા, તૃતિય ક્રમે સુરભી ડી. પબરેજા ૮૭ ટકા, ચોથા ક્રમે પૂજા ડી. દરજી ૮૪.૬૬ ટકા અને પાચમા ક્રમે આયુષિ આર. શાહ ૮૩.૬૬ ટકા મેળવી શાળાનું ગૌરવ વધાર્યું છે.

# મોટા કોટડામાં મજુરીના પૈસા બાબતે ઝઘડો થતાં હુમલો કરી હત્યા કરનારા પિતા-પુત્ર ઝડપાયા

હિંમતનગર, તા. ૬

સાબરકાંઠા જીલ્લાના ઈડર તાલુકાના મોટા કોટડા ગામે રહેતા એક શ્રમિક પરિવારમાં ગત તા.૧ જૂનના રોજ મજુરીના પૈસા બાબતે થયેલા ઝઘડા બાદ બે જણાએ ઘાતક હથિયાર વડે હુમલો કરી એક શખ્સને ગંભીર ઈજા પહોંચાડી ખૂન કરી નાખ્યુ હતું. ત્યારબાદ પુરાવાનો નાશ કરવાના આશયથી મૃતદેહને સળગાવી દેતાં તે અંગે રવિવારે જાદર પોલીસ સ્ટેશનમાં નોધાયેલ હત્યા કરનારા બે જણાને પોલીસે ઝડપી લઈ સોમવારે કોર્ટમાં રજુ કરતા સબજેલમાં મોકલવામાં આવ્યા છે.

આ અંગે પોલીસ સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ મોટા કોટડા ગામની સીમમાં રહેતા બાજાજી ઉદાજી પરમાર અને અરવિંદજી બાજાજી પરમાર તથા અજમેલજી ભકિતજી પરમાર વચ્ચે ગત તા.૧ જૂનના રોજ મજુરીના પૈસાની લેવડ-દેવડ બાબતે ઝઘડો થયો હતો. જેમાં બાજાજી પરમાર અને અરવિંદજી પરમારે ઉશ્કેરાઈ જઈ અજમેલજી પરમાર પર તિક્ષ્ણ હથિયાર વડે હુમલો કરી ગળાના ભાગે ઈજા પહોંચાડી ખૂન કરી નાખ્યુ હતું. ત્યારબાદ બાજાજી પરમાર અને અરવિંદજી પરમારે પુરાવાનો નાશ કરવાના આશયથી મૃતક અજમેલજીની મૃતદેહને કપડા ઢાંકી અન્ય સ્થળે ખસેડી સળગાવી દીધી હતી. જે અંગે મોટા કોટડા ગામના રણજીતજી ભકિતજી પરમારે ગામના બાજાજી પરમાર અને અરવિંદજી પરમાર પિતા-પુત્ર વિરૂધ્ધ રવિવારે જાદર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.ત્યારબાદ પોલીસે ખૂનનો ગુનો નોંધી બાજાજી પરમાર અને અરવિંદજી પરમારને રવિવારે સાંજે ઝડપી લઈ સોમવારે કોર્ટમાં રજુ કર્યા હતા જ્યાં ન્યાયધીશે સબજેલમાં મોકલી આપવા હુકમ કર્યો હતો.

## ટેબડાના યુવાનનું રાજકોટ પાસે અકસ્માતમાં મોત

સાબરકાંઠા જિલ્લાના પોશીના તાલુકાના ટેબડા ગામનો યુવક નિરવકુમાર રમેશભાઈ રાઠોડ (ઉ.વ.આ.૨૩) પોતાના મિત્રો સાથે સેન્ટીંગના કામ સારું રાજકોટમાં મજુરી અર્થે ગયેલા હતા. દરમિયાન શનિવારે કારમાં પોતાના મિત્રો સાથે ચોટીલા દર્શન કરવા ગયા હતા જયાં અચાનક કારનું ટાયર ફાટતા કાર પલ્ટી ખાઈ ગઈ હતી. જેથી અંદર બેઠેલા છ યુવાનો પૈકી ડ્રાયવર સહિત બે યુવકોના મોત નિપજયા હતા. જે પૈકી રવિવારે ટેબડા ગામના યુવકનો મૃતદેહ ઘરે આવતા કરૂણાસભર દશ્યો સર્જાયા હતા.

# ભિલોડામાં બંધ મકાન અને શાળામાં તસકરોનો હાથ ફેરો

અરવલ્લી જીલ્લાના ભિલોડા પંથકમાં તસ્કરોએ જાણે કે જીલ્લો બદલ્યો હોય તે પ્રમાણે ચોરીઓનું પ્રમાણ ઘટ્યું હતું પણ એકલ-દોકલ બાઈકો ચોરાયાનું સાંભળવા મળતું હતું ત્યારે તસ્કરો ફરીથી ભિલોડા વિસ્તારની મુલાકાતે આવ્યા હોય તે રીતે ભિલોડાની પુનમ રેસીડેન્સીમાં આવેલ મકાનમાં શનીવારે અજાણ્યા તસ્કરો પ્રવેશ કરી પેટી-પલંગમાં રાખેલ થેલામાંથી સોનાનું લોકેટ, દોઢ તોલા સોનાની ચેન, ચાંદીના ચાર જોડી ઝાંઝર, દશ સિક્કા વિગેરે મળી કુલ રૂા.૪૯,૦૦૦/-માતબર રકમની ચોરી કરી પલાયન થઈ જતાં મકાન માલીક ગણપતલાલ રાણાજી ખત્રી ભિલોડા પોલીસમાં ફરીયાદ નોંધાવતા ડોગસ્કવોર્ડ તેમજ ફિંગર પ્રિન્ટ મદદ લઈ આ બાબતે વધુ તપાસ ચલાવાઈ રહી છે. આ ચોરીની શાહી સુકાઈ નથી ત્યાં તો વળી ભિલોડા પાસેના ખુમાપુર ગામે બી.જે.તન્ના હાઈસ્કુલના કોમ્પ્યુટર રૂમના દરવાજાના તાળા તોડી કોમ્પ્યુટર સેટ, એલ.સી.ડી. તેમજ ટી.વી. કુલ મળી રૂા.૧૪૦૦૦/-ની ચોરી થયાનું ખુમાપુરના રહેવાસી નરેશભાઈ ડાહ્યાભાઈએ ફરીયાદ કરતાં આ બાબતે ભિલોડા પોલીસે ગુનો દર્જ કરી વધુ તપાસ હાથ ધરેલ છે.



૨૭ વર્ષ બાદ હિંમતનગર ખાતે સોમવારે રાષ્ટ્રીય સંત આચાર્ય ભગવંત પદ્મસાગર સુરિશ્વરજી મહારાજ પધરામણી કરતા મહાવીરનગરમાં આવેલ હરિઓમ સોસાયટીમાં આવેલ શાંતિનાથ જૈન દેરાસરથી વાજતે ગાજતે શોભાયાત્રા નીકળી હતી.જે બેરણા માર્ગ પર આવેલ રાજ્યના પૂર્વ ગૃહમંત્રી પ્રફુલ પટેલના ઘરે પહોચી હતી જ્યાં ગુરુ પૂજન બાદ સત્સંગસભા યોજાઈ હતી.જેમાં મોટી સંખ્યામાં ભક્તો ઉમટી પડ્યા હતા.